## શાળાકીય પ્રવૃત્તિ (ધો. ૧ થી ૫)

**૧૨/૧/૨૦૨૨**

સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિની ઉજવણી ધો. ૪ અને ૫ ના વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદના જીવનચરિત્ર અને જીવન પ્રસંગોની વાત કરી હતી. **કન્વી.-મિલનબેન**

**૧૮/૧/૨૦૨૨**



**C.R.C.** કક્ષાનો વિજ્ઞાનમેળો વિભાગ -૪ પરિવહનમાં પ્રથમ ક્રમે વિજેતા થયા. જેમાં હાઇડ્રોલીક મેજીક ટ્રેક બનાવ્યું હતું. જેમાં લીમ્બચીયા કાવ્યા અમિતકુમાર, ચૌહાણ જયા રવિન્દ્રભાઇ(૫-બ) એ ભાગ લીધો હતો. **કન્વી. - ભકિતબેન**

**૨૮/૧/૨૦૨૨**

**B.R.C.** કક્ષાના વિજ્ઞાનમેળામાં વિભાગ -૪ પરિવહન માં પ્રથમ ક્રમે લીમ્બચીયા કાવ્યા અમિતકુમાર, ચૌહાણ જયા રવિન્દ્રભાઇ(૫-બ) વિજેતા થયા. **કન્વી :-ભકિતબેન**

**૩૧/૧/૨૦૨૨**

શહિદદિનની ઉજવણી અંતર્ગત ધો. ૩ થી ૫ ના વિદ્યાર્થીઓએ ગાંધીજીના પ્રસંગો રજુ કર્યા. ભાવિષાબેને દેશની સરહદપર તૈનાત સૈનિકોના કાર્યોને બિરદાવ્યા.શિક્ષકમિત્રોએ દેશભકિતગીતો અને શાંતિપ્રાર્થના કર્યા બાદ બે મિનિટનું મૌન પાડયું હતું.

**૫/૨/૨૦૨૨**



જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતીનો જન્મ દિવસ એટલે **"વસંતપંચમી".** માં શારદાની પૂજા અર્ચના કરી. વસંતઋતુના આગમનથી પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠે છે. તેનું સૌદર્ય અનેરું હોય છે. વસંતોત્સવમાં સંગીતની મહેફીલો જામે છે. માતા સરસ્વતીના પૂજનથી જ્ઞાન, બુધ્ધિ, વિદ્યા પ્રાપ્ત થાય છે. આમ વિદ્યાર્થીઓને વસંતપંચમી દિને સરસ્વતી પૂજાનું મહત્વ સમજાવ્યું. **ભરૂચ તાલુકા કક્ષા મહાકુંભ ૨૦૨૧ – ૨૨ અંતર્ગત વિવિધ સ્પર્ધામાં ઉન્નતિ વિદ્યાલય,** ભરૂચ ખાતે શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

**૮,૯/૨/૨૦૨૨**

ભરૂચ જિલ્લાકક્ષા કલા-મહાકુંભ ૨૦૨૧ - ૨૨ અંતર્ગત વિવિધ સ્પર્ધામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓએ આનંદનિકેતન, ચાવજ જિ.ભરૂચ ખાતે ભાગ લીધો.







**૧૪/૨/૨૦૨૨**

ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા અને બાળકોમાં સંસ્કારોનું સિંચન કરવા માટે ૧૪ ફેબ્રુઆરી માતૃપિતૃ દિનની ઉજવણી કરી બાળકોએ પોતાના માતા-પિતાને આસન પર બેસાડી માતા પિતાને કંકુ તિલક, અક્ષત ફૂલથી પૂજન કરી આરતી ઉતારી તેમની પ્રદક્ષિણા કરી હતી. માતા –પિતાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા **કન્વી :- મિલનબેન** .

**૧૮/૨/૨૦૨૨**

**ભરૂચ જિલ્લા કક્ષા બાળપ્રતિભા શોધ સ્પર્ધા** ૨૦૨૧- ૨૨ ભરૂચ જિલ્લા રમત –ગમત અધિકારીની કચેરી દ્વારા અત્રેની નારાયણ વિદ્યાલયમાં યોજાય હતી. ગુજ.મા. ધો. ૧ થી ૮ના કુલ ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ધો. ૧ થી ૫ માં કુલ ૨૦ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લઇ સર્જનાત્મક કારીગીરી, લગ્નગીત અને ચિત્રસ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા બન્યા. **કન્વી :- નયનાબેન, શ્વેતાબેન**




**૨૧ થી ૨૫/૨/૨૦૨૨**

ધો. ૧ થી ૫ ની તબક્કા વાર વાલીમિટીગ યોજવામાં આવી જેમાં દ્વિતીય કસોટીની ઉત્તરવહી વાલીશ્રીને વિદ્યાર્થીઓને બતાવવામાં આવી અભ્યાસમાં નબળા વિદ્યાર્થીને વાલી સહિત દરેક વિષય શિક્ષકોએ જરૂરી માર્ગદર્શન આપી આવનાર પરીક્ષામાં કઇ વાતો ધ્યાને રાખવી એ અંગે સમજાવ્યું. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ થાય તે અંગે મા.આચાર્યશ્રી **ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ** સરે પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું.





**૮/૩/૨૦૨૨** વિશ્વમહિલા દિન નિમિત્તે ધો.૫ અ/બના વિદ્યાર્થીઓએ મહિલા પ્રતિ સમ્માન, પ્રશંસા અને પ્રેમ તથા તેમની ઉપલબ્ધિઓ ને યાદ કરી વિવિધ ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત મહિલાના કાર્યો વિશે માહિતી આપી. દરેક મહિલા પોતાની શકિતને ઓળખી વિશ્વમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરે તે અંગે પદમાબેને મહિલા દિવસ વિશેની વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી. **કન્વી : પદમાબેન**

**૯/૩/૨૦૨૨** દક્ષિણ ગુજરાત પ્રદેશકક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા ૨૦૨૧-૨૨ કન્યા વિદ્યાલય, અસ્તાન તા.બારડોલી, જિ.સુરત મુકામે ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો.



**૧૨/૩/૨૦૨૨** ધો. ૧ થી ૫ નો રમતોત્સવ યોજાયો.જેમા દોડ, લંગડી દોડ, ત્રિપગી દોડ, પીછે દોડ , દેડકા કૂદ, કોથળા દોડ, દડા ફેંક, વજનવહન રીલે,સંગીત ખુરશી, દેડકા કૂદ, કોથળા દોડ, દડા ફેંક, સંગીત ખુરશી, ડોલદડો, હોળીનું નારીયેળ જેવી વિવિધ રમતોમાં કુલ ૨૬૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. કન્વી :- નયનાબેન,સંધ્યાબેન્ર

**૧૫/૬/૨૦૨૨** ડૉ.પી.કે.કેશપ ધો. ૧ થી ૫ ના શિક્ષક મિત્રો સાથે શૈક્ષણિક કાર્યમાં મુંઝવતા પ્રશ્નોની ચર્ચા થઇ હતી. જેમાં તેમણે માર્ગદર્શન આપતા જણાવ્યું કે દરેક શિક્ષકો બાળ મનોવિજ્ઞાનથી માહિતગાર હોવો જોઇએ. બાળકોના પ્રશ્નોના જવાબ પ્રવૃત્તિ દ્વારા કરાવી ઉત્સાહ વધારવો.



**૭/૩/૨૦૨૨** ૧૨ થી ૧૪ વર્ષના બાળકો માટે કોરોના રસીકરણ કેમ્પ યોજાયો. "હોળી" પર્વ નિમિત્તે ભાવિષાબેને પર્વ પાછળની ધાર્મિક વાત રજૂ કરી વિદ્યાર્થીઓને હોળીનું મહત્વ સમજાવ્યું હતું.

**૨૨/૪/૨૦૨૨** ધો. ૫-બ નો વિદ્યાર્થી જાદવ હર્ષિલ તેજસકુમારે દૈનિક ભાસ્કર દ્વારા ગુજરાત રાજયમાં આયોજિત જૂનિયર એડિટર સ્પર્ધામાં અ વિભાગમાં રાજય કક્ષાએ ત્રીજો નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે. તેમને ઇનામમાં ફાસ્ટ ટ્રેક સ્માર્ટવોચ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યું.



**૨૨/૪/૨૦૨૨** ધો. ૫ અ/બ ના વિદ્યાર્થીઓ જૂન ૨૦૨૨ થી ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં પ્રવેશ મેળવી રહ્યા છે તો તેઓ આવનાર વર્ષોમાં ઉચ્ચ કારકીર્દિ પ્રાપ્ત કરી ઉજ્જવળ ભવિષ્ય બનાવે એવા માર્ગદર્શન સાથે શિક્ષકમિત્રોએ શુભેચ્છા પાઠવી.



**૧૩/૬/૨૦૨૨** શાળા પ્રવેશોત્સવ દિને વિદ્યાર્થીને કંકુ તિલક કરી મોઢું મીઠુ કરાવી તેમનું અભિવાદન કર્યુ. સુપરવાઇઝર શીતલબેને નવા વર્ષની વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી.

**૨૧/૬/૨૦૨૨** **યોગદિનની ઉજવણી** ધો. ૧ થી ૫ માં કરવામાં આવી. જેમા વિદ્યાર્થીઓને યોગનું મહત્વ સમજાવી સૂક્ષ્મ વ્યાયામ, ભ્રામરી કપાલભ્રાતી, ૐકાર મંત્ર તથા તાડાસન, વૃક્ષાસન, ત્રિકોણાસન, વજાસન, ભુજંગાસન, ભસ્ત્રિકા પ્રાણાયામ, સૂર્ય નમસ્કાર, સર્વાંગાસન વગેરે આસનો કરાવ્યા. શાળાના આચાર્ય ડૉ. ભગુભાઇ આઇ પ્રજાપતિ ના માગદર્શન હેઠળ નયનાબેન, ભકિતબેન, મિલનબેન સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.



**અસફળતાથી ગભરાયા વગર લગાતાર પ્રયત્ન કરવાવાળા લોકોના ખોળામાં સફળતા જાતે જ આવી ને બેસી જાય છે.**

